# વિશ્વમાં શસ્ત્રનું અર્થશાસ્ત્ર

**Pragnesh Kavaiya**

પ્રસ્તાવના :

પૃથ્વી પર વસતો માનવી કોઈ ને કોઈ યુધ્દ્નો ભોગ બનતો આવ્યો છે. પૃથ્વી પર પ્રથમ યુધ્દ્ ક્યારે અને કોની વચ્ચે થયું હશે તેની માનવીય ઇતિહાસમાં કોઈ નક્કી કરેલી તારીખ નથી.પરંતુ માનવ જાતી પર એક મોટી આફત ત્યારે આવી પડી કે જયારે 1914માં પ્રથમ વિશ્વ યુધ્દ્ શરુ થયું અને જે 1918 સુધી ચાલ્યું.દુનિયા પ્રથમ વિશ્વયુધ્દ્ના માઠા પરિણામો માંથી બહાર આવે તે પહેલાજ 1939માં બીજા વિશ્વયુધ્દ્ની શરુઆત થઇ ગઈ કે જે 1945 સુધી ચાલ્યું. આમ 50 વર્ષ થી પણ ઓછા સમયમાં માનવ જતી એ બે મોટા વિશ્વ યુધ્દ્ નો સામનો કર્યો.એક અંદાજ મુજબ પ્રથમ વિશ્વ યુધ્દ્માં એક કરોડ સૈનિકો તેમજ 70 લાખ નાગરિકોનું મૃત્યુ થયું.જયારે બે કરોડ કરતા વધારે લોકો ઘાયલ થયા.ત્યાર બાદ લડાયેલ બીજા વિશ્વયુધ્દ્ના પરિણામો પ્રથમ વિશ્વયુધ્દ્ કરતા પણ વધારે ગંભીર સાબિત થયા. જેમાં અંદાજે 6 કરોડ જેટલા લોકો માર્યા ગયા જેમાં 3 કરોડ જેટલા સામાન્ય નાગરિક હતા.બીજા વિશ્વયુધ્દ્ના અંત બાદ માનવ જાતિને નિ:સસ્ત્રીકરણની યાદ આવી અને વિશ્વમાં ઘાતક શસ્ત્રો નું પ્રમાણ ઘટાડવા પર ભાર મુકવામાં આવ્યો.બીજા વિશ્વયુધ્દ્ દરમિયાન અને બાદ પણ ઘણા રસાયણિક હથિયારો બનાવવામાં આવ્યા અને તેનું પ્રમાણ વધારવામાં આવ્યું. જેના લીધે દુનિયામાં ભયનું વાતાવરણ ફેલાયું.રસાયણિક હથિયારોના ચલણ ને આગળ વધતું અટકાવવા માટે comprehensive nuclear test ban treaty (CTBT)ને લગતા કરારો U.N.G.A દ્વારા 1996 થી કરવામાં આવ્યા.2009 આ કરાર પર સહી કરનાર કુલ 182 જેટલા દેશો હતા.

વિશ્વ ના જુદા-જુદા દેશો દ્વારા કરવામાં આવેલા પરમાણું પરીક્ષણ :

1945 થી 1996 નાસમયગાળા

દરમિયાન કે જયારે C.T.B.T સ્વીકારવામાં આવેલ તેમ છતાં વિશ્વમાં જુદા-જુદા દેશોમાં 2000 જેટલા અણુ પરીક્ષણ કરવામાં આવ્યા.જેમાં અમેરિકા દ્વારા 1000થી વધુ,સોવિયેત યુનિયન દ્વારા 700થી વધુ,ફ્રાંસ દ્વારા 200થી વધુ, ઇંગ્લેન્ડ અને ચીન દ્વારા 45 જેટલા અણુ પરીક્ષણ કરવામાં આવેલ.ભારત અને પાકિસ્તાન જેવા વિકાસસીલ દેશો દ્વારા પણ 1998 માં અણુ પરીક્ષણ કરવમાં આવેલ ત્યારબાદ ઉતર કોરિયા દ્વારા 2006 અને 2009 માં અણુ પરીક્ષણ કરવામાં આવ્યું.આમ એક તરફ વિશ્વ નિ:સસ્ત્રીકરણની વાતો કરતુ

રહ્યું તો બીજી તરફ વિશ્વ ના જુદા-જુદા દેશોમાં શસ્ત્રની સ્પર્ધા વધારે

તીવ્ર બનતી ગઈ.વિશ્વના જુદા જુદા દેશો દ્વારા પોતાના સાથી દેશો કે જે આધુનિક શાસ્ત્ર ટેકનોલોજી ધરાવે છે તેમની પાસેથી મોટા જથ્થામાં સસ્ત્રો ખરીદે છે વિકસિત દેશો પોતાની ટેકનોલોજીકલ પ્રગતિનો લાભ લઇ આવા દેશોને મોટા જથ્થામાં સસ્ત્રોની નિકાસ કરે છે અને આમ આજે વિશ્વમાં શસ્ત્રનું એક અલગ અર્થશાસ્ત્ર ઉભું થયું છે.

2008 થી 2010 સુધી વિશ્વના વિવિધ દેશોનું રક્ષા બજેટ (બિલીયન ડોલર માં ) :

| વર્ષ | USA | China | France | U.K | Russia | Germany | Japan | Sa.Arb | India | S.Kor. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2008 | 621.13 | 86.36 | 66.01 | 65.62 | 56.18 | 48.08 | 46.36 | 38.22 | 33.00 | 26.07 |
| 2009 | 668.57 | 105.64 | 66.88 | 57.92 | 51.53 | 47.47 | 51.47 | 41.27 | 38.72 | 24.58 |
| 2010 | 698.18 | 115.71 | 61.78 | 58.08 | 58.72 | 46.26 | 54.66 | 45.24 | 46.09 | 28.18 |
| 2011 | 711.34 | 137.97 | 64.60 | 60.27 | 70.24 | 48.18 | 60.76 | 48.53 | 49.63 | 30.19 |
| 2011 | 684.78 | 157.39 | 60.04 | 58.50 | 81.47 | 46.47 | 60.01 | 56.50 | 47.22 | 31.95 |
| 2013 | 639.70 | 179.88 | 62.42 | 56.86 | 88.35 | 45.93 | 49.02 | 67.07 | 47.40 | 34.31 |
| 2014 | 609.91 | 200.77 | 63.61 | 59.18 | 84.70 | 46.10 | 46.88 | 80.76 | 50.91 | 37.55 |
| 2015 | 596.10 | 214.09 | 55.34 | 53.86 | 66.42 | 39.81 | 42.11 | 87.19 | 51.30 | 36.57 |
| 2016 | 600.00 | 216.03 | 57.36 | 48.12 | 69.25 | 41.58 | 46.47 | 63.67 | 56.64 | 36.89 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2017 | 606.80 | 227.00 | 60.42 | 46.43 | 66.53 | 45.38 | 45.39 | 70.40 | 64.56 | 39.17 |
| 2018 | 648.80 | 250.00 | 63.80 | 50.00 | 61.39 | 49.47 | 46.62 | 67.55 | 66.51 | 43.07 |

Source : www.thehindu.com,By Varun.B.Krishnan,May 2,2019

ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં વર્ષ 2008 થી 2018સુધીમાં અમેરિકા,

રશિયા,ભારત,ચીન,U.K,ફ્રાંસ,જર્મની,સાઉદી અરેબિયા,સાઉથ કોરિયા અને જાપાન દ્વારા કેટલા પ્રમાણમાં રક્ષા બજેટ ફાળવવામાં આવેલ છે તે બાબતની માહિતી આપવામાં આવેલી છે.

માહિતીના આધારે કહી શકાય કે વર્ષ 2008 થી 2૦18માં વિશ્વમાં સૌથી વધારે રક્ષા બજેટ અમેરિકાનું હતું અને આજ સમય દરમિયાન ચીનનું રક્ષા બજેટ વિશ્વમાં બીજા સ્થાને હતું.

ત્યારબાદ 2008માં ફ્રાંસ,ઇંગ્લેન્ડ,રુસ,જર્મની,જાપાન,સાઉદી અરેબિયા,ભારત અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2009માં ફ્રાંસ,ઇંગ્લેન્ડ,રશિયા,જાપાન,જર્મની,સાઉદી અરેબિયા,ભારત અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2010માં ફ્રાંસ,રશિયા,ઇંગ્લેન્ડ,જાપાન,જર્મની,ભારત,સાઉદી અરેબિયા અને સાઉથ કોરિયા ઉતારતાક્રમે હતા.

વર્ષ 2011માં રશિયા,ફ્રાંસ,ઇંગ્લેન્ડ,જાપાન,ભારત,સાઉદી અરેબિયા,જર્મની અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2012માં રશિયા,ફ્રાંસ,જાપાન,ઇંગ્લેન્ડ,સાઉદી અરેબિયા,ભારત,જર્મની, અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2013માં રશિયા,સાઉદી અરેબિયા,ફ્રાંસ,ઇંગ્લેન્ડ,જાપાન,ભારત,જર્મની અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2014માં રશિયા,સાઉદી અરેબિયા,ફ્રાંસ,ઇંગ્લેન્ડ,ભારત,જાપાન,જર્મની અને સાઉથ કોરિયા ઉતારતાક્રમે હતા.

વર્ષ 2015માં સાઉદી અરેબિયા,રશિયા,ફ્રાંસ,ઇંગ્લેન્ડ,ભારત,જાપાન,જર્મની અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2016માં રશિયા,સાઉદી અરેબિયા,ફ્રાંસ,ભારત,ઇંગ્લેન્ડ,જાપાન,જર્મની અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2017માં સાઉદી અરેબિયા,રશિયા,ભારત,ફ્રાંસ,ઇંગ્લેન્ડ,જાપાન,જર્મની અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વર્ષ 2018માં સાઉદી અરેબિયા,ભારત,ફ્રાંસ,રશિયા,ઇંગ્લેન્ડ,જેર્માની,જાપાન અને સાઉથ કોરિયા ઉતરતાક્રમે હતા.

વેશ્વામાં વર્ષ 2૦18માં હથિયારોની નિકાસ કરનાર પ્રથમ દસ દેશો :

| દેશ નું નામ | નિકાસ ની રકમ |
|---|---|
| અમેરિકા | 10.5 Bi.Do |
| રશિયા | 6.4 Bi.Do |
| ફ્રાંસ | 1.76 Bi.Do |
| જર્મની | 1.27 Bi.Do |
| સ્પેન | 1.18 Bi.Do |
| સાઉથ કોરિયા | 1.08 Bi.Do |
| ચીન | 1.04 Bi.Do |
| ઇંગ્લેન્ડ | 741 Mi.Do |
| ઇસ્રેલ | 707 Mi.Do |
| ઇટલી | 611 Mi.Do |

Source : www.army-technology.com,May 8,2019

ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં વર્ષ 2018માં વિશ્વમાં સૌથી વધારે શસ્ત્રોની નિકાસ કરનાર પ્રથમ દસ દેશો ના નામ નો ઉલેખ છે.તેના આધારે કહી શકાય કે વિશ્વમાં શસ્ત્રોની નિકાસ માં અમેરિકા અને રશિયા આજે પણ આગળ પડતું સ્થાન ધરાવે છે.

વર્ષ 2008 થી 2018 સુધીમાં વિશ્વનું કુલ સૈન્ય ખર્ચ (trillion dollar) :

| Years | Military expenditure |
|---|---|
| 2008 | 1.491 |
| 2009 | 1.546 |
| 2010 | 1.629 |
| 2011 | 1.733 |
| 2012 | 1.739 |
| 2013 | 1.741 |
| 2014 | 1.742 |
| 2015 | 1.641 |
| 2016 | 1.631 |
| 2017 | 1.696 |
| 2018 | 1.782 |

Source : www.worldbank.org.com

ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં વર્ષ 2008 થી 2018 સુધીમાં વિશ્વમાં કુલ કેટલી રકમ શસ્ત્ર પાછળ ખર્ચ કરવામાં આવેલ છે તે બાબત નો ઉલેખ કરવામાં આવેલ છે.માહિતીના આધારે કહી શકાય કે વિશ્વમાં નિ:સસ્ત્રીકારણની વાતો ભલે દરેક દેશો દ્વારા થતી હોય તેમ છતાં આંકડાકીય માહિતી પરથી કહી શકાય કે વિશ્વમાં શસ્ત્ર પાછળ થતો ખર્ચ વધી રહ્યો છે.

ઉપસહાર :

ઉપરોક્ત માહિતીને આધારે કહી શકય કે વિશ્વમાં ભલે નિ:શાસ્ત્રી કારણ પર ભાર મુકવામાં આવતો હોય પરંતુ આજે પણ વિશ્વ સસ્ત્રીકરણ તરફ આગળ વધી રહ્યું છે.આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે દુનિયાના જુદા-જુદા દેશો દ્વારા શાસ્ત્ર પાછળ થતો ખર્ચ વધી રહ્યો છે.તેમજ દુનિયાના જે દેશો સસ્ત્રની આયાત કરાવે છે તે દેશો પણ આજે પોતાને ત્યાં ટેકનોલોજીકલ વિકાસ સાધી શાસ્ત્ર નિકાસની તરફ આગળ વધી રહ્યા છે.ભારત,પાકિસ્તાન,ચીન,સાઉથ આફ્રિકા જેવા વિકાસશીલ દેશો દ્વારા પણ પોતાના રક્ષા પાછળના ખર્ચમાં અસામાન્ય રીતે વધારો કરી રહ્યા છે.વિશ્વમાં આજે શાસ્ત્ર પાછળ થતા કુલ ખર્ચમાં અમેરિકા બાદ ચીન બીજા ક્રમે આવે છે.ભારત દ્વારા પણ શાસ્ત્ર પાછળ થતો ખર્ચ દિન પ્રતિદિન વધી રહ્યો છે.વર્તમાન સમયમાં ભારત સૈન્ય પાછળ થતા ખર્ચમાં વિશ્વમાં પ્રથમ પાંચમાં

પોતાનું સ્થાન ધરાવે છે.આવી દરેક બાબતનો લાભ વિશ્વના એવા દેશોને પ્રાપ્ત થાય છે.કે જેમને ત્યાં સસ્ત્રના મોટા ઉત્પાદકો અસ્તિત્વ ધરાવે છે.ખાસ કરીને આવા દેશોમાં અમેરિકાનું સ્થાન આગળ પડતું છે.વિશ્વમાં સૌથી વધુ સસ્ત્રોની નિકાસ કરનાર દેશ અમેરિકા છે અને ત્યારબાદ રશિયા છે.આંકડાકીય માહિતીની આધારે કહી શકાય કે વિશ્વમાં સસ્ત્રનું એક અલગ અર્થશાસ્ત્ર ચાલી

રહ્યું છે.કે જેમાં નિક્કી કરેલા દેશો પોતાના જુના સાથી દેશો પાસે થી સતત સસ્ત્રોની આયાત કરાવી રહ્યાછે.જેમ કે ભારત પોતાના જુના મિત્ર રશિયા પાસે થી મોટા ભાગની શાસ્ત્રની જરૂરિયાત સંતોષે છે.વિશ્વમાં થતા સસ્ત્રના કુલ વેપારને આધારે કહી શકાય કે પૃથ્વી પર સસ્ત્રનો જથ્થો દિનપ્રતિદિન વધી રહ્યો છે.તેની સાથે સાથે સસ્ત્રનું અર્થશાસ્ત્ર પણ આગળ વધી રહ્યું છે.

Source : www.history.com

www.britannica.com

www.difffen.com

www.CTBT.org.com

www.www-army-technology.com

www.thehindu.com

www.worldbank.com

www.sipri.com(stockholm international peace research institute)

from : pragnesh N kavaiya

(M.A.,B.Ed,with Economics,GSET)

Address : patel colony 9,shantinagar 2,Jamnagar.pin 361008